પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૯૫ • કુલ પાના : ૪ • તારીખ : ૦૯-૦૮-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ ફેરવેલ સ્પીચમાં ભાવુક થયા

# હું રાજ્યસભા સાંસદોને શાલીનતા, ગરિમા અને મર્યાદા બનાવી રાખવાની અપીલ કરૂ છું

નવીદિલ્હી,

રાજ્યસભાના સાંસદોએ સોમવારે સભાપતિ અને ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડૂને વિદાય આપી. વેંકૈયા નાયડૂનો કાર્યકાળ ૧૦ ઓગસ્ટે સમાપ્ત થઈ રહ્યો છે. આ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ ફેરવેલ સ્પીચ આપતા ભાવુક થઈ ગયા હતા. વેંકૈયા નાયડૂએ કહ્યુ કે, જયારે મને પાર્ટી છોડી ઉપરાષ્ટ્રપતિની જવાબદારી આપવામાં આવી તો તે મારા માટે ભાવુક ક્ષણ હતી. જે દિવસે પ્રધાનમંત્રીએ મને જણાવ્યું કે મારે ભારતના ઉપરાષ્ટ્રપતિ બનવાનું છે, ત્યારે મારી આંખમાં આંસુ હતા.

તેમણે કહ્યું કે મેં આ પદ માટે કહ્યું નહોતું. પાર્ટીએ જનાદેશ આપ્યો હતો, મેં તેના માટે બાધ્ય થઈને રાજીનામું આપવું પડ્યું. તે સમયે આંખોમાં આંસુ હતા કારણ કે મારે પાર્ટી છોડવી પડી. રાજ્યસભાના સભાપતિએ આગળ કહ્યુ કે આપણી એટલે કે ઉપલા ગૃહની મોટી જવાબદારી છે. આખી દુનિયા ભારતને જોઈ રહી છે, ભારત આગળ વધી રહ્યું છે. હું રાજ્યસભા સાંસદોને શાલીનતા, ગરિમા અને મર્યાદા બનાવી રાખવાની અપીલ કરૂ છું જેથી ગૃહની છબિ અને સન્માન બન્યું રહે. હું બધી પાર્ટીઓને કહીશ કે લોકતંત્રનું સન્માન કરે.

આ પહેલા દિવસમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વિપક્ષ નેતા મલ્લિકાર્જુન ખડગે અને અન્ય સાંસદોએ વર્તમાન ઉપરાષ્ટ્રપતિને વિદાય આપી. પીએમ મોદીએ ગૃહની ઉત્પાદકતા વધારવા અને માતૃભાષાઓના ઉપયોગને પ્રોત્સાહિત કરવા માટે વેંકૈયા નાયડૂની પ્રશંસા કરી હતી. પીએમ મોદીએ કહ્યુ કે તમે (નાયડૂ) હંમેશા કહ્યું છે કે તમે રાજનીતિમાંથી સંન્યાસ લઈ ચુક્યા છો પરંતુ જાહેર જીવનથી થાક્યા નથી. તમારો કાર્યકાળ ભલે સમાપ્ત થઈ રહ્યો હોય, પરંતુ તમારો અનુભવ આવનારા વર્ષો સુધી દેશનું માર્ગદર્શન કરતો રહેશે.

પીએમ મોદીએ કહ્યુ કે તમારા વન લાઈનર બાદ કંઈ કરવાની જરૂર



રહેતી નથી. તમારો દરેક શબ્દ સાંભળવામાં આવે છે, પસંદ કરવામાં આવે છે, સન્માનિત કરવામાં આવે છે અને ક્યારેય કાઉન્ટર કરવામાં આવતો નથી. નોંધનીય છે કે એનડીએના ઉમેદવાર જગદીપ ધનખડે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી જીતી છે. તેમણે વિપક્ષના ઉમેદવાર માર્ગરેટ અલ્વાને હરાવ્યા હતા. નવા ઉપરાષ્ટ્રપતિનો શપથ ગ્રહણ સમારોહ ૧૧ ઓગસ્ટે યોજાશે.

ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સ્પીકર એમ. વેંકૈયા નાયડુને સોમવારે રાજ્યસભામાં વિદાય આપવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને તમામ નેતાઓએ વિદાઈ ભાષણ આપ્યું હતું.ટીએમસી સાંસદ ડેરેક ઓ'બ્રાયને જ્યારે ત્યાં સ્પીચ આપી તો વેંકૈયા ભાવુક થઈ ગયા હતા અને પોતાનાં આંસુને લૂંછવા લાગ્યા હતા. ડેરેક ઓ'બ્રાયને વેંકૈયા નાયડુને બાળપણની કહાની સંભળાવી હતી. તેમણે કહ્યું હતું કે જ્યારે નાયડુ માત્ર એક વર્ષના હતા ત્યારે તેમની માતાનું મૃત્યુ થયું હતું. ગામમાં એક પરિવાર હતો, જેની પાસે ૮ બળદ હતા. એક દિવસ આ પૈકીનો એક ભડક્યો અને મહિલાના પેટમાં શિંગડાં વડે હુમલો કર્યો હતો. તેના ખોળામાં એક વર્ષનું બાળક હતું. તેને છોડીને મહિલાને હોસ્પિટલમાં લઈ જવામાં આવી, પરંતુ તેનું મૃત્યુ થયું. તે બાળક વેંકૈયા નાયડુ હતા.

વડાપ્રધાન મોદીએ કહ્યું, આજે સંસદમાં સ્પીકર, રાષ્ટ્રપતિ એવા જ લોકો છે, જે આઝાદ ભારતમાં જન્મ્યા છે. તમામ સામાન્ય ફેમિલીમાંથી આવે છે. આ દેશમાં નવા યુગનું પ્રતીક છે. નાયડુ દેશના એવા ઉપ-રાષ્ટ્રપતિ છે, જેમણે પોતાની ભૂમિના દરેક યુવાઓ માટે કામ કર્યું છે. સંસદમાં પણ યુવા સાંસદોને આગળ વધાર્યા છે. યુવાઓના સંવાદ માટે યુનિવર્સિટીઝ અને ઈન્સ્ટિટ્યૂટ્સ સતત જતા રહ્યા છે. તેમનું નવી પેઢી સાથે સતત કનેક્શન રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું, મને કહેવામાં આવ્યું કે ઉપ-રાષ્ટ્રપતિ તરીકે તમે જે ભાષણ આપ્યા એમાંથી ૨૫ ટકા યુવાઓ પર હતા. વ્યક્તિગત રીતે મારું એ સૈભાગ્ય રહ્યું છે કે મેં તમને અલગ-અલગ ભૂમિકાઓમાં જોયા છે. ઘણાબધા પ્રસંગોમાં ખભેખભા મિલાવીને કામ કરવાની તક મળી હતી. કાર્યકર્તા, ધારાસભ્ય, સાંસદ, ભાજપ અધ્યક્ષ, કેબિનેટ મંત્રી તરીકે તમારું કામ દેશ માટે હિતકારી રહ્યું છે. ઉપ-રાષ્ટ્રપતિ અને સભાપતિના રૂપમાં મેં તમને અલગ-અલગ જવાબદારીઓમાં લગન સાથે કામ કરતા જોયા છે. તમે ક્યારેય કોઈપણ કામને ભારરૂપ ગણ્યું નથી. દરેક કામમાં નવો પ્રાણ ફૂંકવાનો પ્રયત્ન કર્યો છે.

હું દરેક સાંસદ અને યુવાઓને કહેવા માગીશ કે તે સમાજ, દેશ અને લોકશાહી વિશે તમારી પાસેથી ઘણુંબધું શીખી શકે છે. તમારો અનુભવ આપણા યુવાઓને ગાઈડ કરશે અને લોકશાહીને મજબૂત કરશે. તમારાં પુસ્તકોનો ઉલ્લેખ મેં એટલે કર્યો, કારણ કે તેમાં તમારી શબ્દ પ્રતિભા ઝળકે છે, જેના માટે તમને ઓળખવામાં આવે છે. તમારામાં વન લાઈનર્સ વિન લાઈનર્સ છે. એ પછી કંઈ જ કહેવાની જરૂર રહેતી નથી.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૬,૧૬૭ નવા કેસ

નવીદિલ્હી,

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૧૬,૧૬૭ નવા કેસ નોંધાયા છે. સક્રિય કોવિડ કેસ ૧,૩૪,૯૩૩ થી વધીને ૧,૩૫,૫૧૦ થઈ ગયા છે. રાહતની વાત એ છે કે, ગઈકાલની સરખામણીમાં આજે કુલ કેસ લગભગ ૨ હજાર ઓછા છે. રવિવારે છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમિતના ૧૮,૭૩૮ કેસ નોંધાયા છે. જ્યારે આજે ૧૬ હજાર કેસ સામે આવ્યા છે. તેમાંથી પ્રથમ એટલે કે શનિવારે, ઓગસ્ટના રોજ દેશમાં ૧૯,૪૦૬ નવા કેસ નોંધાયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, નવા આંકડા સાથે હવે દેશમાં સક્રિય દર્દીઓની સંખ્યા વધીને ૧,૩૫,૫૧૦ થઈ ગઈ છે. જ્યારે અત્યાર સુધીમાં આ રોગમાંથી સાજા થયેલા લોકોની સંખ્યા ૪૩૪૯૯૬૫૯ થઈ ગઈ છે. દેશના ઘણા રાજ્યોમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. છત્તીસગઢમાં ફરી એકવાર કોરોનાનો ફેલાવો શરૂ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં છત્તીસગઢમાં કોરોનાના ૨૧૩ નવા કેસ સામે આવ્યા છે, નવા કેસ સાથે સંક્રમિતોની સંખ્યા ૧૧,૬૯,૧૪૩ થઈ ગઈ છે. જ્યારે મૃત્યુઆંક એકથી વધીને ૧૪,૦૮૦ થયો છે. દેશની રાજધાની દિલ્હીમાં પણ કોવિડ પોઝીટીવીટી દર દરેક પસાર થતા દિવસે વધી રહ્યો છે. ૭ ઓગસ્ટ, રવિવારના રોજ અહીં જાહેર થયેલા રિપોર્ટ અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૨૪૨૩ નવા કેસ નોંધાયા છે. જ્યારે બે લોકોના મોત થયા હતા. જણાવી દઈએ કે, આ વર્ષે ફેબ્રુઆરી પછી પહેલીવાર નવા કેસની સાથે દિલ્હીમાં સંક્રમણના ફેલાવાનો દર વધી રહ્યો છે.

**Baroda Gujarat Gramin Bank**
( Owned by : Govt. of India , Bank of Baroda & Govt. of Gujarat )
SCHEDULED BANK SPONSORED BY : BANK OF BARODA

Piplod Branch | **Possession Notice** | Regional Office : Godhra

(For Immovable Property)

Whereas
The undersigned being the authorized officer of the **BARODA GUJARAT GRAMIN BANK** under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act,2002 and in exercise of powers conferred under section 13(12) read with rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a demand notice dated 06-05-2022 calling upon the borrower **Shri Arvindbhai Kiritbhai Baria** to repay the amount mentioned in the notice being **Rs.1103653.81/- (Rupees Elevan Lakh Three Thousand Six Hundred Fifty Three and Eighty one Paise only)** and interest thereon w.e.f. 30/04/2022 within 60 days from the date of receipt of the said notice.
The borrower having failed to repay the amount, notice is hereby given to the borrower and the public in general that the undersigned has taken **Symbolic Possession** of the property described herein below in exercise of powers conferred on him under sub-section (4) of section 13 of Act read with rule 8 of the security Interest Enforcement) Rules, 2002 on this the 04th day of Aug. of the year 2022.
The borrower's attention is invited to provisions of sub-section(8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.
The borrower in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the Baroda Gujarat Gramin Bank, Piplod Branch, for an amount of **Rs.1103653.81/- (Rupees Elevan Lakh Three Thousand Six Hundred Fifty Three and Eighty one Paise only)** and interest thereon.

**Description of the Immovable Property :**

**All that part and parcel of the property consisting of Unit No.9, Visamo Society , Opp. Mahindra Showroom, Godhra Road, Piplod Ta. Dev. Baria Dist. Dahod.**
**Boundries :**
**On the North : Unit 8**
**On the South : Unit 10**
**On the East : 'Pratha ' Plot**
**On the West : Road.**

Place : Godhra
Date : 09.08.2022

sd/-
Authorised Officer
Baroda Gujarat Gramin Bank

**વિશ્વ આદિવાસી દિવસ**

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી નિમિતે અનેક વિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમજ વિવિધ યોજનાઓ અંતર્ગત સહાય વિતરણના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા તથા માનનિય મુખ્યમંત્રીશ્રીના ઝાલોદ ખાતેના મુખ્ય કાર્યક્રમનું જીવન પ્રસારણ નિહાળવા આપ સૌને હાર્દિક નિમંત્રણ છે.

તારીખ : ૦૯ ઓગષ્ટ, મંગળવાર
સમય : સવારે ૧૦ કલાકે
સ્થળ : મોરા APMC પટાંગણ ખાતે, તા.મોરવા(હ), જી.પંચમહાલ

**શ્રીમતી નિમિષાબેન સુથાર**

રાજ્યકક્ષા મંત્રીશ્રી આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબિબિ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર



**વિશ્વ આદિવાસી દિવસ**

॥ જય આદિવાસી ॥ ॥ જય જોહાર ॥ ॥ જય સંસ્કૃતિ ॥








૯ ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ નિમિતે ગુજરાતના તમામ આદિવાસી ભાઈઓ-બહેનોને ૯ ઓગષ્ટ આદિવાસી દિવસના જય આદિવાસી... જય જોહાર...

**ભરત રાઠવા**

હાલોલ વિધાનસભા સંગઠન મંત્રી
ગુજરાત પ્રદેશ રાજ્ય સંયુક્ત સચિવ યુવા (આમ આદમી પાર્ટી)

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાના વિવિધ PHC/CHC ખાતે યોજાયેલ સ્ત્રી રોગ નિદાન કેમ્પ આરોગ્ય દિનની ઉજવણી સાથે નારી વંદન ઉત્સવનું સમાપન



લુણાવાડા,
ગુજરાત સરકાર દ્વારા મહિલાઓ અને બાળકોના ઉત્થાન, મહિલા સશક્તિકરણ માટે અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આ વર્ષે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નારી વંદન ઉત્સવ તા. ૧ થી ૭ દરમિયાન જિલ્લા કલેકટર ડો. મનીષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લામાં ઉજવવામાં આવ્યો હતો.

આ નારી વંદન ઉત્સવનું મહિલા અને બાળ આરોગ્ય દિનની ઉજવણી સાથે સમાપન કરવામાં આવ્યું. મહીસાગર જિલ્લામાં નારી વંદન ઉત્સવ અંતર્ગત આરોગ્ય દિનની ઉજવણી કાર્યક્રમ હેઠળ જિલ્લાના વિવિધ પીએચસી/ સીએચસી ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કે. કે. પરમારની રાહબરી હેઠળ સ્ત્રી રોગ નિદાન કેમપનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં યોજાયેલ આ સ્ત્રી રોગ નિદાન કેમ્પમાં ખાસ કરીને સગર્ભા અને ધાત્રી માતાઓની ચકાસણી કરીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરસણ ખાતે યોજાયેલ સ્ત્રી રોગ નિદાન કેમ્પની મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કે. કે. પરમારે મુલાકાત લીધી હતી. સરસણ ખાતેના પી.એચ.સી. ખાતે સંતરામપુર ખાતે યોજાયેલ પૂર્વ પ્રસુતિ તપાસ કેમ્પ અંતર્ગત સ્ત્રી રોગ નિષ્ણાત ડો. ધ્રુવલ ભાવસાર દ્વારા મહિલાઓની ચકાસણી કરી જરૂરી માર્ગદર્શન આપવાની સાથે દવાઓ આપવામાં આવી હતી.

ડો. કે. કે. પરમારે તેમની આ મુલાકાત દરમિયાન માતાઓને જરૂરી સલાહ-સૂચનો આપી રાજય સરકારની ટેકહોમ રાશનની વિગતો પૂરી પાડી હતી. જયારે આરોગ્ય દિનની ઉજવણી અંતર્ગત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ૨૨ કેમ્પો યોજવામાં આવ્યા હતા. જેમાં ખાસ કરીને સગર્ભા મહિલાઓની ચકાસણી કરવામાં આવી હતી. આ તમામ કેમ્પોમાં ૧૪૬૦થી વધુ મહિલાઓની ચકાસણી કરવામાં આવી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પરમારની આ મુલાકાત સમયે એપેડેમિક મેડીકલ ઓફિસર નરેન્દ્રગીરી ગોસાઈ પણ સાથે રહ્યા હતા.

આ તમામ કેમ્પોમાં તાલુકા આરોગ્ય અધિકારીઓ, સરકારી અને ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાતના તબીબો સહિત નર્સિંગ અને પેરા મેડીકલ/નોન પેરામેડીકલ સ્ટાફે હાજર રહીને તેમની સેવાઓ આપી હતી.

# એક વર્ષ પહેલા લુણાવાડા તાલુકાના ગોલાના પાલ્લા ગામે BJP આગેવાન અને તેમની પત્નીની હત્યા કરનાર આરોપી નિર્દોષ છૂટ્યો

લુણાવાડા,
એક વર્ષ પહેલાં લુણાવાડા તાલુકાના ગોલાના પાલ્લા ગામે પંચાલ દંપતીની હત્યા કરવામાં આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ત્રિભોવનદાસ પંચાલ અને તેમના ધર્મપત્નિ જશોદાબેન પંચાલ પોતાનું નિવૃત જીવન ગાળી રહ્યા હતા. ત્રિભોવનદાસ જનસંઘના અને મહિસાગર જિલ્લા ભારતીય જનતા પાર્ટીમાં કારોબારી સભ્ય હોદ્દો ધરાવતા હતા. જેઓ ને ૬ ઓગસ્ટ ૨૦૨૧ ને બુધવારની મોડી રાત્રીના સમયે વૃદ્ધ દંપતી જમી રહ્યા હતા. તે દરમિયાન કોઈ અજાણ્યા કે જાણીતા ઈસમોએ બુમ પાડીને વૃદ્ધ ત્રિભોવનદાસ અને તેમની પત્નીને માથાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી ઘા મારી હુમલો કરી હત્યા થતા ગ્રામ જનોમાં ભયનો માહોલ ફેલાયો હતો જે બાબતે ગૃહ રાજ્ય મંત્રી એ તપાસના આદેશ આપ્યા હતા. ત્યાર બાદ રેન્જ IG જિલ્લા પોલીસ વડા સહિત પોલીસની અલગઅલગ ટીમો સહિત જિલ્લા પોલીસનો કાફલો ઘટના સ્થળે સતત ચાર દિવસ તપાસ હાથ ધર્યા બાદ તેમનાજ મિત્ર ભીખાભાઈ પટેલ દ્વારા હત્યા કર્યા હોવાનું તપાસમાં બહાર આવતા ભીખાભાઈ પટેલની ધરપકડ કર્યા બાદ પોલીસે ચાર્જશીટ રજૂ કર્યા બાદ કેશ ટ્રાયલ પર ચાલ્યા બાદ ભીખાભાઈના વકીલ દ્વારા ધારદાર દલીલો કરતા તેમજ પુરાવા ન મળતા ભીખાભાઈ પટેલને નામદાર કોર્ટ દ્વારા નિર્દોષ છોડવામાં આવ્યા હતા.

ગોલાના પાલ્લા મર્ડર કેશમાં મરનાર રાજકીય આગેવાન હતા. પોલીસે ત્રણથી ચાર દિવસ સુધી આરોપીને શોધી ન શકી તેથી રાજકીય પ્રેશરના કારણે ગુનો ડિટેક્ટ કરવા માટે પોલીસે અમારા અસીલને ખોટી રીતે સંડોવ્યા હતા. ત્યારબાદ નામદાર કોર્ટમાં પોલીસે ચાર્જશીટ રજુ કર્યા બાદ કેશ ચાલતા પુરાવા ન મળતા અને અમારા અસીલસે નિર્દોષ છોડવામાં આવ્યા છે.

# મહીસાગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા જિલ્લા ન્યાયાલય, લુણાવાડા અને તાબા હેઠળની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

લુણાવાડા,
રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદની સુચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહીસાગર-લુણાવાડા દ્વારા જિલ્લા ન્યાયાલય, મહીસાગર-લુણાવાડા અને તેના તાબા હેઠળની તમામ અદાલતો ખાતે આગામી તા.૧૩-૦૮-૨૦૨૨ ના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. પક્ષકારો અને વકીલ મિત્રોને આ રાષ્ટ્રીય લોક અદાલતનો લાભ લેવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહીસાગર-લુણાવાડાના ફુલ ટાઈમ સેક્રેટરી એમ. જે. બિહોલા દ્વારા જણાવ્યું છે.

ફુલ ટાઈમ સેક્રેટરીએ વધુમાં આ રાષ્ટ્રીય લોક અદાલતમાં મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ અંતર્ગત તકરારો સિવાયના અકસ્માતને લગતા કેસો (એમ.એ.સી.પી.કેસો), ફોજદારી સમાધાનલાયક કેસો, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ-૧૩૮ ના કેસો, લગ્ન સબંધી ફેમીલી કેસો, મહેસુલના કેસો, ભરણપોષણના કેસો, એલ.એ.આર.ના કેસો, હિન્દુ લગ્ન ધારો, મુસ્લિમ લગ્ન ધારો, ખ્રિસ્તી લગ્ન ધારો, મજુર અદાલતના કેસો, દિવાની દાવા જેવા કે ભાડાના, બેંકોના વિગેરે, વિજળીના તથા પાણીના (ચોરી સિવાયના), પ્રિ-લિટીગેશન કેસોમાં લોક અદાલત દ્વારા વિવાદોનું ઝડપી અને સંતોષકારક રીતે તેમજ સમાધાનલાયક કેસોનો સમાધાનપૂર્વક નિકાલ લાવવા માટે આયોજન કરવામાં આવેલ હોઈ એક રાષ્ટ્રીય લોક અદાલતમાં કેસો મૂકવા ઈચ્છતા પક્ષકારો, વકીલોને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહીસાગર-લુણાવાડાનો તથા જિલ્લાની જે તે તાલુકાની તાલુકા કાનૂની સેવા સમિતિના ચેરમેનનો સંપર્ક કરવા જણાવ્યું છે.

# ગોધરા તીરગરવાસમાં બંધ મકાનમાં જુગાર રમતા ૭ ઈસમોને એલ.સી.બી. પોલીસે ઝડપ્યા



ગોધરા,
ગોધરા શહેરા ભાગોળ તીરગરવાસ બંધ મકાનમાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૮ ઈસમોને ૭૦ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

વિસ્તૃત વિગતો મુજબ ગોધરા શહેરા ભાગોળ ગણેશ બેકરી પાછળ તીરગરવાસમાં બંધ મકાનમાં જુગાર રમાઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન ભરથદાસ ઉર્ફે રામભાઈ નારાયણદાસ, પરસોત્તમદાસ ગણામત રામચંદાણી, રાજકુમાર ઉર્ફે રાજુ મોહનલાલ કૃપલાણી, પરેશ પરસોત્તમદાસ મુલચંદાણી, સોએબ અબ્દુલ સત્તાર કલંદર, ઈમરાન ઉર્ફે છકડો અબ્દુલ સત્તાર પથા, કૈલાશ રૂપચંદ મંજાણી, ઈકબાલ ઉર્ફે અબુલી અબ્દુલ્લા મમદુને ઝડપી પાડવામાં આવ્યા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતીમાં રૂપીયા ૨૯,૩૧૦/- દાવ ઉપર મુકેલ ૯૭૪૦/-રૂપીયા, નાળ કાઢેલા રોકડા ૨,૨૦૦/-રૂપીયા, મોબાઈલ ફોન નંગ-૮ કિંમત ૨૯,૦૦૦/- મળી ૭૦,૦૦૦/- રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગરબાડાની સગીરાને લગ્નની લાલચે અપહરણ કરતાં ફરિયાદ

ગરબાડા,
દાહોદ જિલ્લાના ગરબાડા નગરમાંથી એક ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચે એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૦૩ ઓગષ્ટના રોજ ગરબાડા તાલુકાના સીમળીયા બુઝર્ગ ગામે રહેતો મેહુલભાઈ દલાભાઈ બામણીયાએ ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને સગીરા જ્યારે શાળાએ જતી હતી. તે સમયે મેહુલભાઈએ સગીરાને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંતરામપુર તાલુકા હેલ્થ વિભાગ દ્વારા મચ્છર ઉપદ્રવ નાથવા તપાસ કરાઈ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
તાલુકા હેલ્થ ઓફિસર વિજય ડામોરના માર્ગદર્શન હેઠળ અર્બન સંતરામપુર વિસ્તારમાં અલગ અલગ ટીમો બનાવી સર્વલન્સ હાથ થરવામાં આવ્યું. જેમાં મોટી હોસ્પિટલો, હોટલો, ટાયરની દુકાનો, બરફની ફેકટરીઓ, આરઓ પ્લાન્ટ, TDO કચેરી, મામલતદાર કચેરી, ICDS કચેરી, પોલીસ સ્ટેશન, બસ ડેપો, બેન્કો, શાળાઓ તથા પંચરની દુકાનોમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરી પોરાનો નાશ કરી મચ્છર થી બચવા માટેની જરૂરી માહિતી આપવામાં આવી.



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

ગોધરા તાલુકાના નદીસર ગામે નંદકેશ્વર મહાદેવ ખાતે વર્ષો થી માટીનું શિવલિંગ નિર્મિત કરી રાજસ્થાનના રાજા રામ મહારાજ દ્વારા પાર્થિવ પૂજા કરવામાં આવે છે. રોજ અલગ અલગ યંત્ર અને શિવલિંગ બનાવીને આખો દિવસ પૂજા કર્યા બાદ સાંજે શિવલિંગનું જળાશયમાં વિસર્જન કરવામાં આવે છે. નંદકેશ્વર મહાદેવમાં પણ સવાર થી ભાવિકો દ્વારા પૂજન-અર્ચન કરવામાં આવે છે.

# દુધાપુરા પ્રાથમિક શાળામાં તિથિ ભોજન કાર્યક્રમ યોજાયો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાની દુધાપુરા પ્રાથમિક શાળા ખાતે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને દાતા જીતેશચંદ્ર રમણલાલ શાહ-ઘોઘંબા તરફથી તીથી ભોજન આપીને શ્રાવણ માસમાં પ્રેરણા રૂપ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

વિદ્યાર્થીઓને પોષણયુક્ત આહાર મળે તે માટે અનેક પ્રયત્નો થતા હોય છે. ત્યારે પ્રાથમિક શાળાઓમાં પણ જુદા જુદા દાતાઓ દ્વારા ધાર્મિક તહેવારો અને માંગલિક પ્રસંગો નિમિત્તે બાળકોને બ્રહ્મ ભોજન કરાવી પુણ્યની પ્રાપ્તિ કરતા હોય છે. આ સુંદર કાર્યમાં ડેપ્યુટી સરપંચ કિરણભાઈ તથા ગામના અગ્રગણ્ય નાગરિક મનહરભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

દુધાપુરા શાળાના શિક્ષકોએ દાતા લકુભાઈ શાહ અને રીન્કુભાઈ શાહને સહયોગ આપ્યો હતો. શિક્ષક રાજેશકુમાર એમ. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને તિથી ભોજનનું મહત્વ સમજાવી અને દાતાનો આભાર વ્યકત કર્યો હતો.

# સંતરામપુરના સીમલીયા ગામ પાસે રસ્તા ઉપર સાઈડમાં દિપડો ફેન્સીંગમાં ફસાતા વન વિભાગે રેસ્કયુ કર્યું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર પૂર્વ રેજમા આવેલ સીમલીયા ગામ ખાતે રસ્તા ઉપર થી પસાર થઇ જંગલ વિસ્તારમાં જતાં દિપડો (માદા) બાર્બર તાર ફેન્સીગમા ફસાતા જાગૃત નાગરિક દ્વારા વન વિભાગને સવારના ૮:૦૦ કલાકના સમયે જાણ કરવામાં આવેલ જે ઘટના બાબતે તુરંત જ સંતરામપુર પશ્ચિમ રેન્જ તથા સંતરામપુર પૂર્વ રેજના સ્ટાફ તેમજ સ્થાનિક એન.જી.ઓ. સ્થળ ઉપર પહોંચી ના.વ.સ. મહીસાગરના માર્ગદર્શન હેઠળ સ્થળ ઉપસ્થિત એન.જે.કટારા-ACF, એ.એમ.બારીયા-RFO, આઈ.એમ.તાવિયાડ-RFO ની હાજરીમાં વનવિભાગના સ્થાનિક સ્ટાફ તથા એન.જી.ઓ. સાથે રહી વન્ય પ્રાણી દિપડાને તાર ફેન્સીગ માંથી મુકત કરી સહી સલામત રીતે પાંજરે કેદ કરી પશુચિકિત્સા કરાવેલ. આમ, કોઈ પણ ઈસમ કે વન્ય પ્રાણીને ઈજા વગર સફળતા પૂર્વક આ રેસ્કયુ ૧૧-૩૦ કલાકે કરવામાં આવેલ હતું.

# કાલોલ પી. ડબલ્યુડી પાછળ જુગાર રમતા ૭ જુગારીયાને પોલીસે ઝડપ્યા



કાલોલ,
કાલોલ પી.ડબલ્યુડી કવાટર્સની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૭ ઈસમોને ઝડપી પાડી ૫૨,૪૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ પી.ડબલ્યુડી કવાટર્સની પાછળ કેટલાક ઈસમો જાહેરમાં જુગાર હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન વિરેન્દ્રસિંહ કનુભાઈ પરમાર, કલ્પેશ અરવિંદભાઈ સોલંકી, ભાવેશ દલસુખભાઈ સોલંકી, નિરજ ઉર્ફે નિરંજન વિનયભાઈ પાસવાન, રવિ રમેશભાઇ દરજી, નિલકુમાર ઉર્ફે નાથો અરૂણભાઈ પરમાર, ઉર્વિશ સોમાભાઇ સોલંકી ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતીમાં રોકડા ૪૦,૪૭૦/-રૂપીયા દાવ ઉપર મુકેલ ૧૧,૨૩૦/-રૂપીયા મળી કુલ ૫૨,૪૦૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે કાલોલ પોલીસ મથકે જુગાર ધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# દાહોદ યુથ કોંગ્રેસ સમિતિ દ્વારા મોંઘવારીના વિરોધમાં પ્રદર્શન



દાહોદ,
દેશભરમાં વધતી જતી મોંઘવારીના વિરોધમાં દાહોદ જિલ્લા યૂથ કોંગ્રેસ સમિતિ દ્વારા નગરપાલિકા ચોક ઉપર પ્રદર્શન કરવામાં આવ્યું.

દેશભરમાં દિવસે દિવસે ગેસનો બોટલ તેલ સહિતની જીવન જરૂરિયાતની ચૂજવસ્તુઓમાં ભાવ વધારો ઝીકાઈ રહ્યો છે. ત્યારે તેના વિરોધમાં આજે દાહોદ જિલ્લા યૂથ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. દાહોદ નગરપાલિકા ચોક ખાતે ખાતે કોંગ્રેસના ધારાસભ્યો અને હોદ્દેદારો તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહી સરકાર વિરોધી બેનરો અને સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# મહીસાગર જિલ્લાના પેરા લીગલ વોલ્યન્ટીયર્સનાઓની ભરતી કરાશે

લુણાવાડા,
ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ,અમદાવાદના નિર્દેશાનુસાર તથા નામદાર નાલ્સાના પી.એલ.વી.સ્કીમ અન્વયે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ,મહીસાગર-લુણાવાડા દ્વારા મહીસાગર જિલ્લાના તમામ તાલુકાઓમાં કાનુની સેવા કેન્દ્રોની સ્થાપના માટે તેમજ કાનુની સેવા કાર્યક્રમોના આયોજન માટે તેમજ કાનુની જાગૃતિના પ્રચારના હેતુ માટે પેરા લીગલ વોલ્ટન્ટીયર્સ (પી.એલ.વી.)ની નિયુકિત કરવાની હોય ઈચ્છુક ઉમેદવારે તા.૨૬/૮/૨૦૨૨ સુધીમાં લેખિત અરજી રજુ કરવાની રહેશે. અરજીનો નમુનો તથા લાયકાત, વયમર્યાદા, માનદ વેતન વિગેરેની વિગતો https://www.facebook.com/dlsa.mahisagarlunawada ઉપરથી મળી શકશે. વધુ માહિતી માટે ટેલીફોન નં.૦૨૬૭૪-૨૫૧૧૯૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે. તેમ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર-લુણાવાડા ની અખબારી યાદીમાં જણાવેલ છે.




મહીસાગર જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત સંતરામપુર તાલુકાની આંજણવા કલસ્ટરની આંજણવા પ્રાથમિક શાળામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

વૃષભ : આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે. ઘરના પૂરા નહીં થયેલા કાર્યોથી અસ્વસ્થતા અનુભવી શકો છો.

મિથુન : આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં. કાર્ય વ્યવસાયથી લાભની પૂરેપૂરી સંભાવના છે

કર્ક : આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો, તેથી કોઈપણ કાર્ય વિચાર્યા પછી જ હાથમાં લેશો.

સિંહ : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો. જો તમે ધૈર્ય ગુમાવશો તો તમારા પરિવારના સભ્યો સાથે બિનજરૂરી દલીલો થવાની સંભાવના છે. આર્થિક સ્થિતિમાં ઘટાડો થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ લાભકારક રહેશે. પ્રકૃતિ ચંચળ હશે. લોકોને તમારી હાજરીમાં હળવાશનો અનુભવ થશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં,

તુલા : આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઈચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે. ઘરના કોઈને આપેલ વચન પૂરા કરવામાં વિલંબ થશે, જેના કારણે અશાંતિ થઈ શકે છે.

વૃશ્ચિક : નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં સંયમ નહીં રાખો તો ખરાબ સ્વાસ્થ્ય તરફ દોરાઈ શકો છો.

ધનુ : આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. મનમાં ખોટ થવાના ડરને કારણે તમે કાર્યમાં ઉત્સાહ લાવી શકશો નહીં. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઈ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

મકર : આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે. કુટુંબને તમારા વર્તનનો ઘમંડ ગમશે નહીં, વડીલોથી બચજો. ઓફિસમાં તમારા કામથી તમે સંતુષ્ટ થશો નહીં,

કુંભ : આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે. પરિવારના સભ્યો પણ કોઈક કારણસર ગુસ્સે થશે.

મીન : આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે. વ્યવસાયમાં બધા બિનજરૂરી કામ સરળતાથી થઈ જશે. મિત્રો સાથે મુસાફરી કરવાની પણ તકો મળશે. વિદેશી સંબંધિત કામમાં બિનજરૂરી પૈસા ખર્ચ થઈ શકે છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદ પાલિકાની તિજોરીના તળીયા પાલિકા કર્મચારીઓ, અધિકારીઓ ત્રણ માસનો પગાર ચુકવાયો નથી

દાહોદ,

દાહોદ નગરપાલિકાના સત્તાધીશો દ્વારા કરવામાં આવેલા કેટલાક ભૂલ ભરેલા આયોજનોને કારણે નગરપાલિકાના સ્વભંડોળની તિજોરી તળિયા ઝાટક થઈ જતા કર્મચારીઓ તેમજ અધિકારીઓના આટલી કારમી મોંઘવારી માં ત્રણ ત્રણ માસથી પગારના ચુકવણા ન કરાતા પાડા ના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ ઉભી થવા પામી છે. થોડા સમય પહેલા દાહોદ વાસીઓને સૌથી વધુ કનડતી રખડતા ઢોરોની સમસ્યા માંથી છુટકારો અપાવવા દાહોદ નગરપાલિકાના સત્તાધીશોએ આયોજન કર્યું હતું અને તેની જાહેરાત માટે લાઉડ સ્પીકર વાળી ઘોડાગાડી પણ શહેરમાં ફેરવી હતી. પરંતુ થોડા દિવસમાં જ સ્વભંડોળના અભાવે તે આયોજન પડતું મૂકી તે આયોજનનું પિંડલું વાળી અભરાઈએ ચડાવી દઈ આ સમસ્યાના નિકાલ ના મુદ્દે પાલિકાના સત્તાધિશોએ હાથ ઊંચા કરી દીધા હતા. નગરપાલિકા જે વેરા ઉઘરાવે છે. તેમાંથી કર્મચારીઓના પગારો તેમજ અન્ય નાના-મોટા આયોજનો કરવામાં આવતા હોય છે. નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલા આવાસો કે જેમાં રહેતા લોકો પાલિકા દ્વારા આપવામાં આવતી પીવાનું પાણી, સ્ટ્રીટ લાઈટ, સફાઈ, રોડ રસ્તા વગેરે એવી સુવિધાઓ ના લાભ લે છે. તેવા તમામ આવાસો પાલિકાના ચોપડે ચડ્યા છે ખરા? આમ જોવા જઈએ તો આવા અંદાજે ૩૫ થી ૪૦% જેટલા આવાસો પાલિકા ના ચોપડે ચડ્યા ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો આ ચર્ચા ખરેખર સાચી હોય તો સ્વભંડોળ પણ ૩૫ થી ૪૦% ઓછું આવે તે વાત ચોક્કસ છે. આજ રીતે દાહોદ નગરપાલિકા નો વહીવટ ચાલશે તો નજીકના દિવસોમાં જ પાલિકા નો વહીવટ ખાડે જશે તે સ્વીકારવું રહ્યું. પાલિકાએ દાહોદના વિકાસ માટે અને શહેરીજનોને પાયાની સુવિધાઓ વ્યવસ્થિત રીતે પ્રદાન કરવા માટે નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલા સો ટકા આવાસોના ટેક્સ ઉઘરાવવા પડશે તો જ સ્વભંડોળ પૂરેપૂરૂં એકત્રિત થશે. અને આ માટે સુચારૂં આયોજનની તાતી જરૂર છે. કારણકે આટલી કારમી મોંઘવારીમાં નગરપાલિકાના કર્મચારીઓ તથા અધિકારીઓના ત્રણ ત્રણ માસથી પગારના ચુકવણા ન કરાતા તેઓને પોતાના ઘરનું ગાડું ચલાવવું અત્યંત કઠીન થઈ પડ્યું છે. પાલિકામાં દરેક માટે સમાન નિયમ હોવો જરૂરી છે. અને તેનું સૌએ પાલન કરવું પણ એટલું જ જરૂરી છે. પ્રજાએ, સુધરાઈ સદસ્યોએ, પાલિકાનાકર્મચારીઓએ, અધિકારીઓએ પણ વેરાની રસીદ આવતા જ તે ભરી દેવાની તત્પરતા દાખવવાની પણ તાતી જરૂર છે. નગરપાલિકાએ સુચારૂ પ્રજાલક્ષી આયોજન કરી બાકી પડતા વેરાની ઉઘરાણી કડક બનાવી જોઈએ. તેમજ જે આવાસોના કે જેઓ પાલિકા દ્વારા આપવામાં આવતી તમામ સુવિધાઓ ભોગવે છે તેવાના નામ આ ચોપડે હજી ચડ્યા નથી તેવા આવાસો પાલિકાના ચોપડે ચડાવી જ્યારથી તેઓ સુવિધાના લાભો લઈ રહ્યા છે ત્યારથી વેરાવસૂલી કરવામાં આવે અને સો ટકા વેરા પાલિકાની તિજોરીમાં જમા થાય તો સ્વભંડોળ કદીયે તળિયાઝાટક થાય નહીં અને કર્મચારીઓ તથા અધિકારીઓના પગાર નિયમિત રીતે ચૂકવાતા રહે તે સનાતન સત્ય છે.વેરા ભરવામાં પણ પ્રજા પાલિકાના કર્મચારીઓ પાલિકાના અધિકારીઓ તથા પાલિકાના કાઉન્સિલરો તે તમામ માટે સમાન નિયમ હોવો જરૂરી છે. તો જ સૌનો સાથ સૌનો વિકાસ સાર્થક થશે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિશ્વ આદિવાસી દિવસે કંબોઈધામ ખાતે ગોવિંદગુરૂ મહારાજને ભાવાંજલી આપશે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી તા. ૯ ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં દાહોદનાં ઝાલોદ ખાતે સહભાગી થશે. દાહોદ ખાતેના કાર્યક્રમનો પ્રારંભ મુખ્યમંત્રી ઝાલોદના કંબોઈધામ ખાતે ગોવિંદગુરૂ મહારાજની સમાધિ સ્થળના દર્શનથી કરશે. માનગઢ ક્રાંતિના પ્રણેતા અને પ્રખર સમાજ સુધારક ગોવિંદગુરૂ મહારાજના સમાધિ સ્થળે સવારે ૧૦ કલાકે મુખ્યમંત્રી નત મસ્તક થઈને ભાવાંજલી આપશે. ત્યાર બાદ ઝાલોદ ખાતેના વિશ્વ આદિવાસી સંમેલનની ઉજવણીમાં સહભાગી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અહીંના પ્રવાસન વિભાગ દ્વારા કંબોઈધામનો રૂ. ૨.૬૦ કરોડથી વધુના ખર્ચે જિલ્લા પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરાયો છે. અહીં ગોવિંદગુરૂ મહારાજની મોટા કદની મૂર્તિનું મંદિર પરિસરમાં નિર્માણ કરાયું છે. તેમજ સમગ્ર મંદિર પરિસરનો પણ નોંધનીય વિકાસ કરાયો છે.

અહીં દર્શનાર્થે આવતા ભક્તો માટે વિવિધ સુવિધાના કામો પૂર્ણ કરાયા છે. જેમાં અહીં હોલ બિલ્ડીંગ, કંમ્પાઉન્ડ વોલ, ટોઈલેટ બ્લોક, પાર્કિંગ, વોટર રૂમ, મેઈન ગેટ, ચિલ્ડ્રન પ્લે એરિયા, રોડ વર્કનો સમાવેશ થાય છે.



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ભગવાન ભોળાનાથ મહાદેવની આરાધના માટે ઉત્તમ ગણાતા પવિત્ર એવા શ્રાવણ માસના બીજા સોમવારે ગરબાડા નગરના યુવાનો દ્વારા દર વર્ષે ની જેમ આ વર્ષે પણ ભવ્ય કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારના ૯:૦૦ કલાકે કાવ ડિયા ઓને ટ્રેક્ટરમાં બેસાડીને વિજાગઢ ગામના શિવગંગા ઝરી ધામ ગંગેશ્વર મહાદેવ ખાતે લઈ જવામાં આવ્યા હતા.

## દે.બારીયા સરકારી હોસ્પિટલના ડાયાલીસીસના દર્દીઓને મળતા રૂ.૩૦૦ લેવા માટે વાકય યુદ્ધ કરવો પડતો હોય છે...????

દે.બારીયા,

દે.બારીયા સરકારી હોસ્પિટલમાં ગયા વર્ષે નવા યંત્રો ડાયાલીસીસના દર્દીઓ માટે ગુજરાતની ગતિશીલ સરકારે મફત સારવારની સુવિધા ઉભી કરે છે. પરંતુ તેમાં સરકારી કર્મીઓની બેદરકારીના કારણે એક ડાયાલીસીસના રૂ.૩૦૦/- સરકારી સહાય આપવામાં આવતી હોય છે. તેના બીલ બનાવનારા કોન્ટ્રાકટર બેજના કલાર્ક સમયની મર્યાદામાં બીલ બનાવીને પાસ કરાવતા નથી. જેથી દર્દીઓ પોતાની સહાય મેળવવા માટે ઓફિસે જવાનો વારો છે. જે તે અધિકારી પણ મહિનાના બીલ બનાવ્યા છે કે નહી તેની તકેદારી રાખતા નથી. કોમ્પ્યુટર કલાર્ક ઉપર માથે નાખી દેવામાં આવતું હોય છે. જેથી વહિવટીપદના અધિકારી આ દર્દીઓના હકીકતો સહાય સમય સમયે મળી રહે તેવી માંગ ઉઠવા પામી છે. આ સહાયના નાણાં કયારે મળશે તે દર્દીઓ પુછે તો તેમના સાથે અભદ્ર વ્યવહાર થાય છે શું ? આવું યોગ્ય છે. દર્દીઓની માનસીકતા પર કેવી અસર પડશે ? તે મોટી ચિંતાનું કારણ છે. બીલ બનાવી અને પદના અધિકારીની સહી લઈ પાસ કરાવવાની સરકારી તંત્રના વહિવટી શાખાની રહેલી છે. આના માટે દર્દીઓ જવાબદાર નથી. પરંતુ જે તે ટેબલના ચાર્જવાળો કર્મીની છે. ડાયાલીસીસના રૂ.૩૦૦/-ની સહાય પેટે જે મળવા પાત્ર રકમ ત્રણ-ચાર માસ સુધી મળતી નથી. તે વહિવટી તંત્રને કોણ કરશે.

## દાહોદ આરોગ્ય કર્મીઓ હડતાલ ઉપર જતાં રોગચાળો ભરડો લેવાની દહેશત

દાહોદ,

ફીલ્ડમાં કામ કરતા અને ગ્રામીણ વિસ્તાર તેમજ શહેરી વિસ્તારમાં લોકોને ઘરે ઘરે ફરી જન જન સુધી લોકોના આરોગ્યની ચિંતા કરતા આરોગ્ય કર્મચારીઓની સરકાર દ્વારા માંગણીઓ ન સંતોષાતા અચોક્કસ મુદ્દત હડતાલ પર જતા સબ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ફરજ બજાવતા આરોગ્ય કાર્યકર મેલ /ફિમેલ કર્મચારીઓ તારીખ ૮/૮/૨૨થી હડતાલમાં જોડાતા ગ્રામ્ય લેવલે કોરોના રસીકરણ આયુષ્માન ભારત કાર્ડ કલોરીનેશન કામગીરી મમતા દિવસમાં બાળકોની રસીકરણની કામગીરી પોરાનાશક કામગીરી ન થતા મેલેરિયા, ડેંગ્યુ, કોરોના, કોરોના રસીકરણ, સિકલસેલ, ટી.બી, લેપ્રસી, ચંદીપુરમ, જેવા ભયંકર જીવલેણ રોગો વકરશે.


૯ ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ નિમિતે તમામ આદિવાસી ભાઈઓ-બહેનોને આદિવાસી દિવસના જય આદિવાસી... જય જોહાર...





૯ ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ નિમિતે તમામ આદિવાસી ભાઈઓ-બહેનોને આદિવાસી દિવસના જય આદિવાસી... જય જોહાર...




૯ ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ નિમિતે તમામ આદિવાસી ભાઈઓ-બહેનોને આદિવાસી દિવસના જય આદિવાસી... જય જોહાર...





Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.295

પંચમહાલ સમાચાર

# શહેરાના ગાંગડીયા ગામે પાનમ નદીના કોતરના પાણીમાં ડૂબતા બાળકને બચાવવા જતા માતા પણ ડૂબી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના ગાંગડીયા ગામે પાનમ નદીના કોતરમાં કપડાં ધોવા ગયેલ માતા સહિત ૨ વર્ષના પુત્રનું પાણીમાં ડૂબી જતાં મોત નિપજ્યું હતું. સ્થાનિક તરવૈયાઓ દ્વારા પાણીમાંથી માતા અને પુત્રની લાશને બહાર કાઢવામાં આવી હતી.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ગાંગડીયા ગામના પગી ફળિયામાં રહેતી ૨૫ વર્ષીય સંગીતાબેન કોયાભાઈ પગી તેના ૨ વર્ષના પુત્ર ગણેશ પગીને પોતાની સાથે લઈને સોમવારના રોજ આશરે ચારેક વાગ્યાના સુમારે ગામ માંથી પસાર થતી પાનમ નદીના કોતરમાં કપડાં ધોવા માટે ગયા હતા. બે વર્ષનો બાળક ગણેશ કોતરના ઉંડા પાણીમાં ડૂબી રહ્યો હતો. ત્યારે માતા બચાવવા જતાં તે પણ પાણીમાં ડૂબવા લાગી હતી. જોતજોતામાં માતા-પુત્ર બન્ને પાણીમાં ગરકાવ થયા હતા. બનેલા આ બનાવની જાણ સ્થાનિક ગ્રામજનોને થતાં ગ્રામજનોએ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી સ્થાનિક તરવૈયાઓ દ્વારા પાણીમાં ગરકાવ થયેલ માતા-પુત્રની શોધખોળ હાથ ધરાતા પાનમ નદીના કોતરના પાણી માંથી માતા-પુત્રની લાશ મળી આવતા બંનેની લાશને પાણી માંથી બહાર કાઢવામાં આવી હતી. ઘટનાની જાણ ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા શહેરા પોલીસ સહિતના તંત્રને કરવામાં આવતા પોલીસે ઘટના સ્થળે પહોંચી માતા-પુત્રના મૃતદેહને શહેરા ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. બનેલા આ બનાવને લઈને નાનકડા ગામમાં શોકની કાલીમાં છવાઈ ગઈ હતી.

# ગોધરા તાલુકાના કલ્યાણ અને ચાંચપુર ગામના ૭૫ પરિવારોના વીજ કનેકશન ખેતીની લાઈનમાં જોડતા આ કનેકશન જ્યોતિ ગ્રામમાં જોડવા રજુઆત



ગોધરા તાલુકાના કલ્યાણાના જંગલ વિસ્તાર (વાવ ફળીયા) અને ચાંચપુરના રાઠવા ફળીયામાં રહેતા ૭૫ પરિવારના રહિશો દ્વારા ૧૦ વર્ષ પહેલાય વીજ કંપનીના નિયમોનુસાર ફોર્મ ભરીને વીજ કનેકશન મેળવ્યા હતા. આ વીજ ગ્રાહકોને જ્યોતિ ગ્રામ અંતર્ગત વીજ પુરવઠો આપવામાં આવતો નથી અને એમ.જી.વી.સી.એલ. કંપની દ્વારા જ્યોતિ ગ્રામના વીજ કનેકશન બંધ કરી અને ખેતીવાડીની વીજ લાઈનમાં જોડવામાં આવે છે. ખેતીની વીજ લાઈનમાં અવાર-નવાર ફોલ્ડ સર્જાતા હોવાને લીધે વીજ કંપનીના ગ્રાહકોને વીજ પુરવઠો મળતી નથી. આ બાબતે ૭૫ જેટલા વીજ ગ્રાહકો દ્વારા કાંકણપુર સબ ડીવીઝન ૩૦ જુન ૨૦૧૮માં લેખિત અરજી કરીને ડે.એન્જીનિયરને ખેતીવાડીની વીજ લાઈનમાં વીજ પુરવઠો મળતો ન હોવાને લઈ આદિવાસી કુટુંબના બાળકોને લખવા અને વાંચવા મુશ્કેલીઓ પડે છે. જેથી છેલ્લા ચાર વર્ષ થી કાંકણપુર સબ ડીવીઝનમાં વારંવાર લેખિત અને રૂબરૂવીજ રજુઆત કરવામાં આવી છે છતાં ૭૫ પરિવારના વીજ કનેકશન જ્યોતિ ગ્રામ સાથે જોડયા ન હતા. આ વિસ્તારમાં ખેતી વીજ લાઈનના પોલ નમી ગયેલા છે. જેને લઈ વીજ પુરવઠો ખોરવાતો રહે છે. સરકાર દ્વારા આદિવાસી કુટુંબ માટે વિવિધ લાભોની જોગવાઈ કરેલ છે પરંતુ વીજ કંપનીના અધિકારીઓ દ્વારા ૭૫ પરિવારોના ઘરની વીજ લાઈન જ્યોતિ ગ્રામ સાથે જોડવામાં આવ્યા નથી. કાંકણપુર ડે.એન્જીનિયર દ્વારા મૌખિક રીતે કહેવાની જ્યોતિ ગ્રામ વીજ લાઈન સાથે ઘરના વીજ કનેકશન જોડવામાં આવ્યા છે. તે વીજ કનેકશન રેગ્યુલર કરી આપવામાં આવે તેવું કાંકણપુર સબ સ્ટેશનના ડે.એન્જીનિયરને કહેવા જતાં તમારી માટે નવરા નથી, અમારી પાસે માણસ નથી, તમારી જાતે જોડી દો. તેવું કહેવાની જોડેલ છે. હવે ડે. એન્જીનિયર દ્વારા ધમકી આપીને પોલીસ ફરિયાદ કરવાનું કહી રહ્યા છે અને વીજ કનેકશન કાપવા આવ્યા હતા. વીજ કનેકશન કાપવા દીધા ન હતા. ત્યારે ગામના સરપંચને ધમકી આપીને વીજ ગ્રાહકો સામે ફરિયાદ નોંધાવે તેવું દબાણ કરવામાં આવી રહ્યું છે.

કાંકણપુર સબ સ્ટેશનના ડે.એન્જીનિયરની અણઆવડતનો ભોગ ૭૫ વીજ ગ્રાહકો બન્યા છે. કલ્યાણા અને ચાંચપુરના વીજ ગ્રાહકો દ્વારા ધારાસભ્ય, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, રાજય તેમજ જીલ્લા કલેકટર કચેરીમાં લેખિત રજુઆત કરવામાં આવી છે. તેમ છતાં કોઈ કાર્યવાહી નહિ કરતાં રાજ્યના ઉર્જા મંત્રી મુકેશ પટેલને લેખિત અને મૌખિક રજુઆત કરી કાંકણપુર સબ સ્ટેશનના ડે.એન્જીનિયરની બદલી કરવામાં તેમજ કલ્યાણા અને ચાંચપુરના ૭૫ વીજ ગ્રાહકોની વીજ કનેકશનની સમસ્યા હલ કરવામાં આવે નહિં તો ૧૫ ઓગસ્ટના રોજ જીલ્લા કલેકટર ઓફિસ ખાતે ભુખ હડતાળ કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

ગોધરા, ગોધરા તાલુકાના કલ્યાણા અને ચાંચપુર જંગલ વિસ્તારમાં રહેતા ૭૫ જેટલા પરિવારો દ્વારા ૧૦ વર્ષ પહેલા વીજ કંપનીમાં નિયમો મુજબ ફોર્મ ભરીને વીજ કનેકશન લીધા હતા. આ પરિવારોને જયોતિ ગ્રામ અંતર્ગત વીજ પુરવઠો આપવામાં આવતો નથી અને ખેતીની વીજ લાઈનમાં વીજ કનેકશન જોડવામાં આવ્યા હોય જેને લઈ મોટાભાગે વીજ પુરવઠો ખોરતો હોય ત્યારે આ ૭૫ પરિવારોને જયોતિ ગ્રામ અંતર્ગત વીજ પુરવઠો આપવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી.

## હાલોલ પોલીકેબ કંપની કંપાઉન્ડ માંથી ૮૫ કિલો કોપર વાયરની ચોરી

હાલોલ, હાલોલ પોલીકેબ કંપનીના કંપાઉન્ડમાં ડ્રમમાં મુકેલ ૮૦ થી ૮૫ કિલો કોપર વાયર કિંમત ૪૦ હજારની ચોરી કરી જતાં ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ પોલીકેબ કંપની કંપાઉન્ડમાં ટાવર નં.૩ પાસે ડ્રમમાં કોપર વાયર ૮૦ થી ૮૫ કિલો કિંમત ૪૦,૦૦૦/-રૂપીયાના મુકેલ હતા. તેની કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ હાલોલ પોલીસ મથકે નોંધાવા પામી છે.

## સીંગવડના હાંડી ગામે ઉછીના નાણાંની લેવડ-દેવડમાં મારમારતાં ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના હાંડી ગામે ઉછીના નાણાંની લેવડ દેવડ મામલે એક મહિલા સહિત ત્રણ જણાએ એક મહિલાને લાકડી વડે તેમજ ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંયાંનું જાણવા મળે છે.

ગત તા.૦૭મી ઓગષ્ટના રોજ સીંગવડ તાલુકાના હાંડી ગામે રહેતાં મોહનભાઈ મંગળાભાઈ ભેદી, સવિતાબેન મોહનભાઈ ભેદી અને કાળુભાઈ મોહનભાઈ ભેદીએ ગામમાં રહેતાં કવિતાબેન જશવંતભાઈ ડામોરના ઘરે આવી બેફામ ગાળો બોલી ઉછીના નાણાંની લેવડ દેવડ મામલે ઝઘડો તકરાર કરી કવિતાબેનને લાકડી વડે તેમજ લાપટો ઝાપટો મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત કવિતાબેન જશવંતભાઈ ડામોરે રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



























